647510 **0101201E1042** **Seat No :________**

## B.A. Semester - 2 (*CBCS*) Examination
## June/July-2022 [OLD COURSE]
## GUJ. P4 : SARJAN LEKHAN KAUSHAL-2(ELECTIVE-1)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

''કલા એ પ્રત્યાયનની પ્રક્રિયા છે. એ વાત સાચી છે. પરંતુ કવિ ભાવકને શું પહોંચાડે છે? અનુભવનો સાર? અનુભવનું રહસ્ય? અનુભવનો બોધ? નર્યો અનુભવ? નહિં જ. એ પહોંચાડે છે આકૃતિ સમેત અનુભૂતિ. અનુભૂતિએ લીધેલો આકાર ભરતીની પેઠે આરોહ-અવરોહયુક્ત કોઇ વિશિષ્ટ આકારમાં જ આવે છે. આ અનુભૂતિ થઇ એમાં કવિચિત્તની લાક્ષણિકતા હશે પણ સર્જકતા નથી હોતી. એ તો હોય છે એ જ્યારે અનુભૂતિને કોઇ માધ્યમમાં કોઇ આકાર વિશેષમાં પ્રકટ કરે છે તે વિશિષ્ટ પ્રક્રિયામાં. એટલે સર્જકતાનો પ્રશ્ન એ માધ્યમ દ્વારા અભિવ્યક્તિનો પ્રશ્ન બની રહે છે''.

- ''ઉશનસ્''

અથવા

પ્રશ્ન-૧ ''અહિંસા એ માત્ર આચરણનો સ્થૂળ નિયમ નથી પણ એ મનની વૃત્તિ છે. જે વૃત્તિમાં ક્યાંય પણ દ્વેષની ગંધ સરખી રહે નહિ તે અહિંસા. એવી અહિંસા સત્યની જેટલી જ વ્યાપક છે. એવી અહિંસાની સિદ્ધિ થયા વિના સત્યની સિદ્ધિ થવી અશક્ય છે. માટે સત્ય એ બીજી રીતે જોઇએ તો અહિંસાની પરાકાષ્ટા જ છે. પૂર્ણ સત્ય અને પૂર્ણ અહિંસામાં ભેદ નથી. છતાં સમજવાની સગવડતા માટે સત્યને સાધ્ય અને અહિંસાને સાધન ગણ્યું છે. આ સત્ય અને અહિંસા સિક્કાની બે બાજુઓની જેમ એક જ સનાતન વસ્તુની બે બાજુઓ જેવી છે. અહિંસામાં તીવ્ર કાર્યસાધક શક્તિ રહેલી છે. એમાં રહેલી અમોઘ શક્તિનું હજુ પૂર્ણ સંશોધન થયું નથી. અહિંસાની નિકટમાં સર્વ ઝેરવેર શમી જાય છે. એ સૂત્ર પોથીમાનુ રીંગણ નથી પણ ઋષિનું અનુભવ વાક્ય છે. અહિંસા સર્વનું કલ્યાણ કરનારું શ્રેષ્ઠ સાધન છે.''

-મોહનદાસ કરમચંદ ગાંધી

પ્રશ્ન-૨ નીચેના ગદ્યખંડનું સંક્ષિપ્તકરણ કરો. (૧૪)

''કુદરતમાં ફરતી વખતે માણસને કેવો આનંદ આવે છે એના ઉપરથી એનામાં સુખી થવાની ક્ષમતા કેટલી છે તે જાણી શકાય છે. માણસ મૂળભૂત રીતે એક પ્રાણી છે અને પ્રાણીઓનું સાચુ સ્થાન કુદરતમાં છે. પાંજરામાં રહેલુ પક્ષી સલામત જરૂર હોય છે. પણ એના જેવાં જ બીજા કુદરતમાં ઉડતાં, ગાતાં પક્ષીઓ જેવું એ સુખી નથી હોતુ. જે વ્યક્તિ ઉગતાં કે આથમતાં સૂર્યનું સૌંદર્ય, ચાંદની રાતની શીતળતા, સૂમસામ રાતનું સંગીત, ઊંચા ઊંચા પર્વતોની ભવ્યતા, વહેતાં ઝરણાંનો કલરવ, હવાનો મધુર સ્પર્શ કે ભીની માટીની સોડમ માણી શકે નહિ તે એટલા પ્રમાણમાં સુખી થવાની ક્ષમતા ગુમાવી દે છે. સુખી સ્વભાવની વ્યક્તિ ધનવાન હોય કે નિર્ધન, કુદરતના સૌંદર્ય અને ભવ્યતાને જોઇને આનંદથી વિભોર થઇ જાય છે- થઇ જવી જોઇએ.

-શ્રી મોહમ્મદ માંકડ

અથવા

પ્રશ્ન-૨ ''લોકો મારું કામ જુએ કે ન જુએ, તેની કદર કે ન કરે, મને શાબાશી આપે કે ન આપે, તોયે હું સંપૂર્ણ નિષ્ઠાથી અને મારી શક્તિના ઉચ્ચત્તમ ધોરણ મુજબ મારું એ કામ કરતો રહીશ. પરીક્ષા હોય કે ન હોય તોયે હું સરખી રીતે વાંચીશ. કસોટીના ગુણ છેલ્લા પરિણામ માટે ગણાય કે ન ગણાય તોયે હું સરખી

કાળજીથી લખીશ. ક્રિકેટમેચ ટ્રોફી માટેની હોય કે ખાલી ‘મૈત્રી રમત’ હોય તોયે હું સરખા ઉત્સાહથી રમીશ. સ્થૂળ વળતરની આશા નહિ, પણ મારા લાયક કામ કર્યાનો આત્મ-સંતોષ એ મારું પ્રેકબળ હશે. મનના આ વલણને કલાકારો ‘કલા ખાતર કલા’ કહે છે. તો જુદી જુદી પરિભાષામાં એક જ સિદ્ધાંતના ભાષાંતર કામને અર્થે કરેલુ ઉત્તમકોટિનું કામ પૂજામાં દેવમૂર્તિને ચોખા ચડાવાય છે. ચોખાના દાણા અક્ષત હોવા ઘટે. એ સારા દાણા ભેગો એક તૂટેલો હોય તો ચાલશે એમ માને તે સાચો પૂજારી નથી.

-ફાધર વાલેસ

પ્રશ્ન-૩ નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ગદ્યખંડ ફરીથી લખો. (૧૪)

સોનું એ શી ચીજ છે

એ કંઇ અનાજ નથી કે ખાઇને પેટ ભરાય એ કંઇ ફૂલ નથી કે સૂંઘીને મન પ્રસન્ન થાય એ કંઇ ફળ નથી કે એના રસથી ધરાઇએ એ કંઇ ઊન કે રેશમ નથી કે એના કપડાં બનાવી શરીરનું રક્ષણ કરીએ એ કોઇ લાકડું કે લોઢું નથી કે એમાંથી નિત્યના વ્યવહારની અનેક વસ્તુઓ તૈયાર કરી લઇએ અરે એ તમાકુ કે અફીણ પણ નથી કે જેના કેફમાં દુનિયાનું દુઃખ ભૂલી જઇએ એ ઝેર પણ નથી કે જેને ખાઇને એક ભવમાંથી તો મુક્ત થઇ જઇએ

અથવા

પ્રશ્ન-૩ સમાસ એટલે શું? સમજાવી નીચેનામાંથી કોઇપણ બે સમાસ રચના વિશે સદ્દષ્ટાંત નોંધ લખો.

(૧) દ્વન્દ્વ સમાસ (૨) ઉપપદ સમાસ (૩) કર્મધારય સમાસ

પ્રશ્ન-૪ નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્ય રચનામાં પ્રયોગ કરો. (૧૪)

(૧) ઝાટકણી કાઢવી (૨) માથું કોરાણે મૂકવું (૩) કાળાં ધોળાં કરવાં

(૪) જીવ ચગડોળે ચઢવો (૫) આંખ વરતવી (૬) હૈયુ બેસી જવું

(૭) મોટા પેટનાં હોવું

અથવા

પ્રશ્ન-૪ નીચેની કહેવતોના અર્થ જણાવી તેને વાક્યમાં પ્રયોજો.

(૧) ઠોઠ નિશાળિયાને વરણાં ઘણાં. (૨) પાડાંને વાંકે પખાલીને ડામ.

(૩) ભેંસ આગળ ભાગવત. (૪) થોડી રાત ઝાઝા વેશ.

(૫) બળિયાના બે ભાગ. (૬) કૂતરાની પૂંછડી વાંકીને વાંકી.

(૭) વિનાશકાળે વિપરીત બુદ્ધિ.

પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઇપણ બેના જવાબ આપો. (૧૪)

(૧) પૂર્ણવિરામ અને અવતરણચિહ્ન વિશે નોંધ લખો.

(૨) નીચેના સમાસનો વિગ્રહ કરો.

સ્ત્રીપુરૂષ, કિર્તીગાથા, લંબગોળ, નાલાયક, સત્યવાદી, સર્વજ્ઞ, પાણીપંથો

(૩) નીચેની કહેવતો પુરી કરો.

(૧) તેજીને ટકોરો .......................................... (૨) છાશ લેવા ..............................................

(૩) કીડીને કણ ........................................... (૪) એક સાંધે ...............................................

(૫) ચમત્કાર ત્યાં ........................................ (૬) સૂંઠના ગાંગડે ........................................

(૭) અલ્લાહ દેતા હૈ ....................................

(૪) તત્પુરૂષ સમાસ – ઉદાહરણ સાથે સમજુતી આપો.

************************************